**વી. એસ. ગણેશવાલા**

**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)**
**વાટીકા ટાઉનશીપ સામે,**
**કુંભાલ,સુરત.**
**ફોન નં.૨૩૩૧૯૦૩/૯૦૪**

નં. સા.ઈ.ઝોન/આઉટવર્ડ: ૯૨૬૧
તારીખ : ૧૮/૦૨/૨૦૨૬

**–:સંમતિ પત્રક:–**

**પ્રતિ,**

**વિષય :–** સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) નાં ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડિંડોલી) માં આવેલ વિવિધ રસ્તાઓ પર ફુટપાથ સી.સી.કર્બ, પેવર બ્લોક, વોટરટેબલ અને ગાર્ડ સ્ટોન નું વાર્ષિક કોન્ટ્રાકટ રેઈટથી મરામત અને નિભાવ કરવાનું કામ.

**સંદર્ભ :–** જા.બા.સ.ઠ.નં. ૮૬૬/૨૦૨૫, તા. ૨૬/૦૯/૨૦૨૫ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવે અને શરતે.

**મહાશય,**

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં ટી.પી. સ્કીમ નં. ૪૧ (ડિંડોલી) વિસ્તારમાં આવેલવિવિધ રસ્તાઓ પર ફુટપાથ સી.સી.કર્બ, પેવર બ્લોક, વોટરટેબલ અને ગાર્ડ સ્ટોનનું સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૬ અંતર્ગત જરૂરી મરામત/નિભાવ કરવાના કામે જા.બા.સ.ઠ.નં. ૮૬૬/૨૦૨૫, તા. ૨૬/૦૯/૨૦૨૫ થી મંજુર થયેલ ટેન્ડરના ભાવે અને શરતે અંદાજીત રકમ રૂા. ૧૦,૫૯,૦૧૫.૭૦ પૈ. થી ૫૨.૮૬% નીચું એટલે કે રૂા. ૪,૯૯,૨૨૦.૦૦ પૈ. (GST સિવાય) થી સદરહું કામગીરી કરવા તમો રસ ધરાવતા હોવ, તો આપનુ ઇ.એમ.ડી રૂા.૫,૦૦૦.૦૦ સહિતનું સંમતિપત્રક **તા. ૨૭/૦૨/૨૦૨૬** સુધીમાં નીચે સહી કરનારને મોકલવા ઘટતુ કરશો.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા., ૫,૦૦૦ /– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે ' ડી ' વર્ગ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે છેલ્લા ૦૭(સાત) વર્ષમાં દરમ્યાન સમાન કાર્યો સફળતા પૂવર્ક પૂર્ણ કર્યાનો સનુભવનાં સર્ટીફીકેટ (ફોર્મ –૩(A) ) સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૫. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના આઈ.ટી. રીટર્ન સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજારદારે **GST** રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનુ રહેશે.

૮. જા.બા.સ.ઠ.નં. ૮૬૬/૨૦૨૫, તા. ૨૬/૦૯/૨૦૨૫ થી મંજુર થયેલ ટેન્ડરના પ્રાઈઝબીડ અને ટેકનીકલ બીડની શરતોને ઈજારદારશ્રી બંધનકર્તા રહેશે.

૯. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રેહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાનાં રેહેશે.

૧૧. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામગીરી બાબતે અત્રેના રોડ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩.સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detiled Technical Specification મુજબ કરવાની રહેશે.

૧૪. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના ટર્ન ઓવરનું સી.એ. સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાનુ રહેશે.

૧૫.ઈજારદારે એન્ટીબ્લેક લીસ્ટ અંગેની એફીડેવીટ રજુ કરવાની રહેશે.

૧૬. આ કામ પુરુ કરવાની સમય મર્યાદા વર્ક ઓર્ડરની તારીખથી દિન–૧૦ (દસ) પુરા થયેથી ૦૬(છ) માસ (ચોમાસા સહિત)ની ગણવાની રહેશે.

--- SD ---

**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)**
**સુરત મહાનગરપાલિકા**